પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૭૫ | ૫ સપ્ટેમ્બર, ૨૦૨૧, રવિવાર; શ્રાવણ વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ટોક્યોમાં ભારતીય ખેલાડીઓનો દબદબો

## ટોક્યો પેરાલિમ્પિક ઈતિહાસમાં ભારતનો શ્રેષ્ઠ દેખાવ : શૂટિંગમાં મનીષને ગોલ્ડ, બેડમિન્ટનમાં પ્રમોદ ભગતને ગોલ્ડ, સિંહરાજને સિલ્વર મેડલ, મનોજને બ્રોન્ઝ મેડલ : ૪ ગોલ્ડ, ૭ સિલ્વર અને ૬ બ્રોન્ઝ સાથે કુલ ૧૭ મેડલ

ટોક્યો, તા.૪

ટોક્યો પેરાલિમ્પિક્સમાં ભારતીય ખેલાડીઓનું વર્ચસ્વ ચાલુ છે. બેડમિન્ટનમાં મેડલની ખાતરી થયાના થોડા સમય બાદ શૂટર્સ મનીષ નરવાલ અને સિંહરાજે મિક્સ્ડ ૫૦ મીટર પિસ્તોલ એસએચ૧ ઈવેન્ટમાં મેડલ જીતીને ઈતિહાસ રચ્યો છે. મનીષે ગોલ્ડ મેડલ પર નિશાન સાધ્યું તો સિંહરાજ બીજા ક્રમે રહ્યા. એટલે કે તેમણે સિલ્વર મેડલ જીત્યો છે. આ રીતે ભારત પાસે હવે ટુર્નામેન્ટમાં કુલ ૧૫ મેડલ છે.





જ્યારે ટોક્યોમાં પેરાલિમ્પિક્સ ગેમ્સમાંમાં ભારતના પ્રમોદ ભગતે બેડમિંટન પુરૂષ સિંગલ એસએલ૩ માં ગોલ્ડ મેડલ જીતીને ઈતિહાસ રચ્યો છે. તો બીજી તરફ આ ઈવેન્ટના બ્રોન્ઝ મેડલ મેચમાં મનોજ સરકારે જાપાનના ફુજીહારાને માત આપી. મનોજ સરકારનો સામનો જાપાનના ફુજિહારા ડેસુકે સાથે હતો. ફુજિહારાને સેમીફાઈનલમાં પ્રમોદ ભગતે માત આપી હતી. મનોજ સરકાર પહેલી ગેમમમાં પાછળ રહ્યા હતા પરંતુ તેમણે જોરદાર વાપસી કરી અને ૨૭ મિનિટ સુધી ચાલેલા આ રોમાંચક ગેમને ૨૨-૨૦ થી પોતાના નામ કર્યો. બીજી ગેમ તેમણે ફક્ત ૧૯ મિનિટમાં ૨૧-૧૩ થી પોતાના નામે કરી લીધી હતી. તો આ તરફ મનોજ સરકારે બેડમિન્ટમાં બ્રોન્ઝ મેડલ જીત્યો છે. આ સાથે ભારતે પેરાલિમ્પિક્સ ગેમ્સમાં ૭ સિલ્વર મેડલ, ૬ બ્રોન્ઝ , ૪ ગોલ્ડ આ કુલ ૧૭ મેડલ પ્રાપ્ત કર્યા છે.

ઓગણીસ વર્ષના નરવાલે પેરાલિમ્પિક રેકોર્ડ બનાવતા ૨૧૮.૨નો સ્કોર કર્યો હતો. તો બીજી તરફ પી ૧ મેન્સ એસ-મીટર એર પિસ્તોલ એસએચ-૧ ઈવેન્ટમાં મંગળવારે બ્રોન્ઝ જીતનાર અડાનાએ ૨૧૬.૭ના સ્કોર સાથે સિલ્વર મેડલ જીત્યો હતો. રશિયન ઓલિમ્પિક સમિતિના સર્જેઈ માલિશેવે ૧૯૬.૮ના સ્કોર સાથે બ્રોન્ઝ મેડલ જીત્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

## પ.બંગાળની ખાલી ૩ બેઠક પર સપ્ટેમ્બરમાં પેટા ચૂંટણી

**બંગાળમાં ભવાનીપુર, શમશેરગંજ અને જંગીપુર બેઠકો પર પેટા ચૂંટણી યોજવા પંચની મંજૂરી, આચારસંહિતા લાગુ**

કોલકાતા, તા.૪

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી માટે વિધાનસભામાં પહોંચવાનો રસ્તો સાફ થઈ ગયો છે.

ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળની ખાલી પડેલી ત્રણ વિધાનસભા બેઠકો પર ચૂંટણી યોજવા માટે લીલી ઝંડી આપી છે. સપ્ટેમ્બર મહિનામાં જ આ ચૂંટણી યોજાશે. બંગાળમાં ભવાનીપુર, શમશેરગંજ અને જંગીપુર બેઠકો પર પેટા ચૂંટણી યોજવામાં આવશે. આ બેઠકો પર આજથી આચાર સંહિતા લાગુ થઈ ચુકી છે.

હાલમાં અલગ અલગ રાજ્યોમાં ૩૧ વિધાનસભા બેઠકો અને બે લોકસભા બેઠકો ખાલી છે. આ તમામ બેઠકો પર પેટા ચૂંટણી બાકી છે. જોકે બંગાળના વિશેષ અનુરોધ પર બંગાળની ત્રણ બેઠકો પર ચૂંટણી યોજવાનુ ચૂંટણી પંચે જાહેર કર્યુ છે.

● અનુસંધાન પાન-૭ પર

## વડાપ્રધાન મોદી સંયુક્ત રાષ્ટ્રની મહાસભામાં ઉપસ્થિત રહેશે

**હજુ સુધી આ પ્રવાસ અંગે ઓફિશિયલ જાહેરાત થઇ નથી : પરંતુ વિજય રૂપાણીની દુબઈ પ્રવાસની મંજૂરી હજુ સુધી પીએમઓ ઓફિસથી મળી નથી, તો વડાપ્રધાન અમેરિકાના પ્રવાસે જશે...???**

નવી દિલ્હી,તા.૦૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ મહિને અમેરિકાના પ્રવાસે જઈ શકે છે. જોકે, હજુ સુધી આ પ્રવાસ અંગે ઓફિશિયલ જાહેરાત થઈ નથી. ન્યૂઝ એજન્સી એએનઆઈ અનુસાર, વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો અમેરિકા પ્રવાસ ત્રીજા અઠવાડિયામાં યોજાઇ શકે છે. પીએમ મોદી વાર્ષિક ઉચ્ચ સ્તરીય સંયુક્ત રાષ્ટ્ર મહાસભા સત્રમાં ભાગ લેવા માટે ન્યૂયોર્ક જશે. ભારત સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદનો એક અસ્થાયી સભ્ય છે, અને તેના એક મહિનાની અધ્યક્ષતા ગત મહિને જ સમાપ્ત થઈ છે. મહત્વપૂર્ણ છે કે જો બિડેનના રાષ્ટ્રપતિ બન્યા બાદ વડાપ્રધાન મોદીનો આ પ્રથમ પ્રવાસ હશે. આ પહેલા તે ૨૦૧૯માં અમેરિકા ગયા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સપ્ટેમ્બરના અંતમાં અમેરિકાના પ્રવાસે જઈ શકે છે. ન્યૂઝ એજન્સીએ સૂત્રોના હવાલેથી જણાવ્યું હતું કે આ પ્રવાસ માટેની તૈયારીઓ ચાલી રહી

● અનુસંધાન પાન-૭ પર

## મોદીએ અબુધાબીના ક્રાઉન પ્રિન્સ સાથે ફોન પર વાત કરી

**દુનિયામાં આતંકવાદી અને કટ્ટરપંથ માટે કોઈ સ્થાન ન હોવા અને એ બાબતે સહકાર પર બન્ને નેતાઓ સહમત**

નવી દિલ્હી,તા.૪

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને અબુ ધાબીના યુવરાજ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહયાને ક્ષેત્રીય ઘટનાક્રમો પર ચર્ચા કરી. આ દરમિયાન બંને નેતાઓએ એ વાત પર સહમતિ વ્યક્ત કરી કે દુનિયામાં આતંકવાદી અને કટ્ટરપંથ માટે કોઈ જગ્યા નથી. તેમણે આ સાથે જ આ પ્રકારની તાકાતો વિરુદ્ધ આંતરરાષ્ટ્રીય સમુદાયોની પડખે રહેવા પર ભાર મૂક્યો. વાત જાણે એમ છે કે અફઘાનિસ્તાન પર તાલિબાનને કબજો કર્યો અને યુદ્ધગ્રસ્ત દેશમાંથી અમેરિકી સેનાની વાપસી બાદ થયેલા ઘટનાક્રમ વચ્ચે આ ચર્ચા થઈ. પ્રધાનમંત્રી કાર્યાલયે એક નિવેદનમાં કહ્યું કે ટેલિફોન પર વાતચીત દરમિયાન બંને નેતાઓએ ભારત-સંયુક્ત આરબ અમીરાત(યુએઈ) વ્યાપક

● અનુસંધાન પાન-૭ પર

આવતીકાલથી શરૂ થતી સાંજે ૭:૩૦ ની બેચમાં જોડાઈ...કડકડાટ અંગ્રેજી બોલતાં શીખો

નાણાવટી
The Leader Since 1996

ઘ-૨ નજીક, સે.૭બી, ગાંધીનગર. ● ફોન : ૯૬૨૪૦૧૧૫૫૫
ઓફિસ સમય : સવારે ૮ થી ૧, સાંજે ૪ થી ૮
ડેમો માટે અમારી YouTube Channelની મુલાકાત લો.
ketannanavatigandhinagar
English teacher required for a primary school

## આખા અફઘાનિસ્તાન પર નિયંત્રણ મેળવી લીધાનો તાલિબાનનો દાવો

**પંજશીર પર કબજાના તાલિબાનના દાવાને કોઈ સમર્થન નહીં**

કાબુલ,તા.૪

અફઘાનિસ્તાનમાં તાલિબાનની સત્તાની ઔપચારિક જાહેરાત પહેલા મોટા સમાચાર સામે આવ્યા છે. કહેવામાં આવી રહ્યું છે કે વિદ્રોહી સમૂહે હવે આખા અફઘાનિસ્તાન પર નિયંત્રણ મેળવી લીધું છે. અત્યાર સુધી અજેય રહેલા પંજશીર પર પણ તાલિબાને કબજો કરી લીધો છે. જોકે, હજુ સુધી આ વાતની પુષ્ટિ નથી થઈ શકી. પંજશીરમાં અહમદ મસૂદની અગેવાનીમાં તાલિબાન વિરુદ્ધ કાર્યવાહી થઈ રહી છે. આ વિસ્તારમાં મોટી સંખ્યામાં જાનહાની થઈ હોવાના સમાચાર પણ સામે આવી રહ્યા છે. બીજી તરફ તાલિબાન સામે લડી

● અનુસંધાન પાન-૭ પર

કર્ણાવતી દાંતની હોસ્પિટલ
KARNAVATI SCHOOL OF DENTISTRY
રાહત દરે દાંતની સારવાર
(મર્યાદિત સમય માટે જ)
કેસ ફી - મફત, દાંત પાડવાના - મફત, આખુ ચોકઠું - રૂા. ૨૫૦/-
હેન્ડ સ્કેલીંગ - મફત, દાંત મશીનથી સાફ કરવાનાં રૂા. ૮૦/-
દાંતમાં ચાંદી પુરવાની - મફત, જી.આઈ. ફિલીંગ - રૂા. ૫૦/-
દાંતની તમામ સારવારના દરમાં ૨૦% વળતર
બાળકો (૧૪ વર્ષ સુધી) માટેની દાંતની તમામ સારવાર મફત
મોઢાંમાં ચાંદા અને જડબાને લગતી તમામ બિમારીનું નિદાન અને સારવાર
બી.પી.એલ. કાર્ડ ધારકોને દાંતની ઘણી સારવાર તદ્દન મફત (શરતો લાગુ*)
તમામ સારવાર કોવિડ-૧૯ SOP પ્રમાણે
સંપર્ક - ૮૮૬૬૦ ૯૬૮૦૫
અડાલજ - વાવોલ રોડ, તા. ગાંધીનગર, જી. ગાંધીનગર.
નવા કેસ માટે સવારે ૮-૩૦ થી ૨-૩૦ સુધી (રવિવારે રજા)
(શરતો લાગુ*)

દાનની નમ્ર અપીલ
અંધજનોને ચા-નાસ્તો, ભોજન કરાવવા, અનાજ કરિયાણું દાનમાં આપવા સંસ્થાની વેબસાઈટ પર જઈને દાન કરો અને રસીદ મેળવો.
દાતાઓને ઈન્કમટેક્ષમાં રાહત મળશે
www.navjyotandhjanmandal.org
નવજ્યોત અંધજન મંડળ
ખોડિયાર માતાના મંદિર પાસે, પાલડી ગામ,અમદાવાદ-380007
મો. 97268 84422




